**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૭૯ ટકા

# નવરાત્રી બાદ આવી રહી છે.. શરદપૂનમની રાત

## તારીખ ૯મી ઓક્ટોબરે શરદ પૂર્ણિમા ની ઉજવણી કરવામાં આવશે : શહેરમાં ગરબાનાં આયોજનો : નવરાત્રીમાં ગરબાની બાકી રહી ગયેલી કસર ખેલૈયાઓ પૂનમના દિવસે ગરબા રમીને પૂરી શકશે



ગાંધીનગર, તા.૬
નોરતાંની રમઝટ હજુ થંભીય નથી અને એક બીજો તહેવાર આપણી સામે આવીને ઉભો રહે છે. તે છે શરદ પૂર્ણિમા. શરદ પૂર્ણિમાનો તહેવાર આનંદ અને ઉલ્લાસથી ઉજવવામાં આવે છે. શરદ પૂર્ણિમાને માણેકઠારી પૂર્ણિમા પણ કહેવામાં આવે છે. શરદ પૂર્ણિમા ૯મી ઓક્ટોબરે છે. ઘણી જગ્યાએ ગરબાનું આયોજન કરવામાં આવે છે અને ત્યારબાદ દૂધ-પૌંઆ ખાવામાં આવે છે. આ દિવસ મા લક્ષ્મીની ઉપાસના માટે પણ શ્રેષ્ઠ છે તેવું માનવામાં આવે છે કે આ દિવસે ચંદ્ર તેના પૂર્ણ કળાઓ સાથે હોય છે. પૌરાણિક કથાઓ અનુસાર, સમુદ્ર મંથન દરમિયાન શરદ પૂનમના દિવસે મા લક્ષ્મી પ્રગટ થયા હતા. તેવું માનવામાં આવે છે કે, આ દિવસે મા લક્ષ્મી ધરતી પર આવે છે અને તેમના ભક્તો પર કૃપા વરસાવે છે. શરદ પૂનમને કોજાગરી પૂનમ, કૌમુદી વ્રત જેવા નામથી પણ ઓળખવામાં આવે છે. આ દિવસે દેશના મા લક્ષ્મીની પૂજા કરવામાં આવે છે. આ તિથિને ધન આપનારી પણ માનવામાં આવે છે. શરદ પૂનમ પર મંદિરોમાં ખાસ પૂજાનું આયોજન કરવામાં આવે છે. શરદ પૂનમનો દિવસ માતા લક્ષ્મીને પ્રસન્ન કરવા માટે ખાસ માનવામાં આવે છે. એક માન્યતા મુજબ શરદર્ણિમાની રાત્રીએ દેવી લક્ષ્મીજી સ્વયં આકાશમાં વિચરે છે ને પૃથ્વી પરના મનુષ્યોના જોતાં બોલે છે કે, કોણ જાગે છે ? જે જાગે તેને સંપત્તિવાન બનાવીશ. તેથી આ દિવસે રાત્રે જાગરણ કરવાનો તથા રાસ ગરબા રમવાનો મહિમા છે. શરદ પૂનમના દુધ પૌઆ ખાવાનો રિવાજ છે.શરદ પૂર્ણિમાથી વરસાદની વિદાય શરદનું આગમન થાય છે. આયુર્વેદ શાસ્ત્ર મુજબ શરીરમાં જે પિત્તનો પ્રકોપ થયો હોય તે આ દુધ પૌઆ ખાવાથી નાશ પામે છે. દૂધ એ પિત્તનું દુશ્મન ગણાય છે. ચંદ્રના કિરણો દુધ, પૌઆમાં ભળવાથી દમના દર્દીને ફાયદો કરે છે. આ દિવસે વિવિધ મંદિરોમાં પણ ભગવાનને દૂધ-પૌંઆનો થાળ ધરાવામાં આવે છે અને ત્યારબાદ સૌ ભાવિક ભક્તો આ પ્રસાદનો અંગીકાર કરી કૃતાર્થ બને છે. શરદ પૂનમની રાત્રે ચન્દ્ર સામે જોતા જોતાં દોરો પરોવવાની ક્રિયા કરવાની પ્રથા ખૂબ જ પ્રચલિત છે. કહેવાય આમ કરવાથી આંખો નિરોગી બને છે. આંખનું તેજ વધે છે. આ દિવસ મહાકાવ્ય રામાયણના સર્જક મહર્ષિ વાલ્મીકી જયંતિ તરીકે પણ ઉજવાય છે. શરદ પૂનમ નો મહિમા યુધિષ્ઠિરને સમજાવતા ભગવાન શ્રી કૃષ્ણે કહ્યું હતું કે શરદ પૂર્ણિમા' ની રાત્રી મને ખુબ જ ગમે છે. શ્રીમદ ભાગવતના દશમ સ્કંધમાં કહયુ છે કે શરદ પૂનમની રાત્રે સાથે ભગવાન શ્રીકૃષ્ણ મહારાસ રમ્યા હતા. તેથી શરદ પૂનમને રાસ પૂનમ પણ કહેવામાં આવે છે. ડાકોરમાં રાજા રણછોડ રાયને આ દિવસે દિવ્ય મુકુટ ધરાવાય છે. શરદપુનમની રાતે નથી હોતી ગ્રીષ્મની દહિક ગરમી કકે નથી હોતી હેમંતની ધ્રૂજાવનારી ઠંડી.શરદનું નિરભ્ર આકાશ સ્વચ્છ દેખાય છે. વર્ષાઋતુમાં કાદવકીચડ તેમજ માખી-મચ્છરના ત્રાસથી કંટાળી ગયેલો માનવ શરતઋતુના ચોખ્ખા ચણાક વાતાવરણથી પ્રસન્ન થાય છે.

### દૂધની ખીર

શરદ પૂનમના દિવસે રાતે ચંદ્રમાંથી નીકળતા કિરણોને અમૃત સમાન માનવામાં આવે છે. આ જ કારણથી ખીર બનાવવામાં આવે છે અને તેની ચંદ્રની રોશની સામે મૂકવામાં આવે છે, જેથી ખીરમાં ચંદ્રના કિરણો પડે અને તેમાં અમૃતનો પ્રભાવ ઉમેરાય. આ દિવસે તમે પણ ખીર બનાવીને રાતના સમયે ચંદ્રની રોશનમાં રાખો અને ત્યારબાદ તેનું સેવન કરો. તેનાથી સ્વાસ્થ્ય સારું રહે છે અને મા લક્ષ્મીની કૃપા પ્રાપ્ત થાય છે.

### જીવનમાંથી અડચણો દૂર કરવા માટે:

શરદ પૂનમે રાતે ચંદ્રની રોશનમાં ગંગાજળ રાખો અને તે ગંગાજળથી ભગવાન શિવનો અભિષેક કરો. તેનાથી તમને જીવનમાં આવનારી તમામ સમસ્યાઓથી મુક્તિ મળશે.

### શરદ પૂર્ણિમા એટલે કોજાગરી પૂર્ણિમા કે રાસ પૂર્ણિમા

હિંદુ પંચાંગ પ્રમાણે આસો મહિનાની ૧૫ મી તિથિને "શરદ પૂનમ" કહેવામાં આવે છે. સાથે સાથે તેને કોજાગરી પૂનમ કે રાસ પૂર્ણિમા પણ કહેવાય છે. આખા વર્ષમાં ફક્ત આ એક જ દિવસે ચંદ્રમાં સોળે કળાએ પરિપૂર્ણ હોય છે અને આ પૂનમની રાત્રે જ ચંદ્રમાના કિરણોમાંથી અમૃત વરસે છે. શરદ પૂર્ણિમાની રાત્રે જાગરણ નો વિશેષ મહિમા છે. પૌરાણિક માન્યતા પ્રમાણે વૈભવની દેવી મા લક્ષ્મી સમુદ્ર મંથન થી શરદપૂર્ણિમાના દિવસે જ ઉત્પન્ન થયા હતા. આ કારણે આ દિવસે માં લક્ષ્મી શ્રીહરિ સાથે પૃથ્વીલોક પર ભ્રમણ કરવા આવે છે. ત્યારે મા લક્ષ્મી જોવે છે કે કોણ જાગે છે? તેથી તેને કોજાગરી પૂર્ણિમા કહેવાય છે. આ રાત્રે જે લોકો જાગતા હોય તેના ઘરમાં મા લક્ષ્મી પધારે છે અને સુખ સમૃદ્ધિ આપીને પોતાના ભક્તો પર કૃપા વરસાવે છે. શરદપૂર્ણિમા વ્રજ ના ખાસ તહેવારોમાં નો એક મુખ્ય તહેવાર છે. આ રાતે ભગવાન શ્રીકૃષ્ણએ ૧૬૧૦૮ ગોપીઓની ઈચ્છા પૂરી કરવા મહારાસની રચના કરી હતી.

### મા લક્ષ્મી થશે પ્રસન્ન:

શરદ પૂનમના દિવસે ચંદ્રની રોશનીમાં ગાયનું ઘી થોડા સમય માટે રાખો. તેને સુરક્ષિત રાખો અને દિવાળી પર દીવો કરો ત્યારે તે ઘીનો ઉપયોગ કરો. તેનાથી લક્ષ્મીજીની કૃપા પ્રાપ્ત થાય છે અને ઘરમાં ખુશીનું વાતાવરણ બને છે.

આજથી ૫૨૦૦ વર્ષ પહેલા વૃંદાવનમાં યમુના કિનારે શરદ પૂનમની રાત્રે ભગવાન શ્રીકૃષ્ણ ગોપીઓ સાથે રાસ રમ્યા હતા, ત્યારે તે જોવા ચંદ્રમાં થોભી ગયા હતા. ચંદ્રમાં આ રાસ જોવામાં એટલા મગ્ન થયા કે છ મહિના સુધી હલ્યા જ નહીં. આ રાસમાં દરેક ગોપીઓ ઈચ્છતી હતી કે શ્રીકૃષ્ણ તેની સાથે નૃત્ય કરે ત્યારે શ્રીકૃષ્ણએ એક એક ગોપી સાથે ૧૬૧૦૮ સ્વરૂપ ધારણ કરીને નૃત્ય કર્યું હતું. જેથી શરદ પૂનમને રાસ પૂર્ણિમા પણ કહેવાય છે. શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે આ રાસમાં કોઈ પણ પુરુષને પ્રવેશ ન હતો, પરંતુ ભગવાન ભોળાનાથ આ અદભુત મહારાસ ને જોવા ની લાલચ રોકી શક્યા નહીં અને વ્રજભૂમિ આવ્યા. પુરુષ હોવાને કારણે યમુના મહારાણીએ ભગવાન શિવને મહારાસ જોવા અંદર આવવા દીધા નહીં. તેથી ભગવાન શિવ શણગાર સજી ગોપી બની ગયા. ત્યારથી ભગવાન શિવનું આ સ્વરૂપ ગોપેશ્વર નાં નામે જાણીતું બન્યું અને આજે પણ વૃંદાવન માં યમુના કિનારે ગોપેશ્વર મહાદેવ મંદિર પ્રખ્યાત છે. શરદપૂર્ણિમાની રાત્રે ચંદ્રના કિરણોમાંથી અમૃત વરસતું હોવાથી આ રાત્રે ખીર તેમજ દૂધ પૌવા બનાવીને પુરી રાત ચંદ્રની ચાંદની માં રાખવાનો રિવાજ છે. માન્યતા છે કે ચ્યવન ઋષિ ને આરોગ્ય નો પાઠ અને ઔષધીનું જ્ઞાન અશ્વિની કુમારોએ આપ્યું હતું. આ જ જ્ઞાન આજે હજારો વર્ષો પછી પણ આપણને પરંપરા ના રૂપમાં મળેલ છે. અશ્વિની કુમાર આરોગ્યના દાતા છે અને પૂર્ણ ચંદ્રમાં અમૃત નો સ્રોત છે, તેથી એવું માનવામાં આવે છે કે શરદ પૂર્ણિમા ની રાત્રે આકાશમાંથી અમૃત ની વર્ષા થાય છે. માટે શરદપૂર્ણિમાની રાત્રે ખુલ્લા આકાશ નીચે ઘરના ફળિયામાં કે અગાસીમાં ખીર કે દૂધ પૌવા બનાવીને રાખવાનું પ્રચલન આજે પણ છે. કહેવાય છે કે ખુલ્લા આકાશ નીચે દૂધમાં ચંદ્રમાની અમૃત ની બુંદો ભળી જાય છે, જેનું સેવન કરવાથી દરેક પ્રકારની બીમારી દૂર થાય છે અને શરીર નિરોગી બને છે.આમ, હિન્દુ ધર્મમાં શરદપૂર્ણિમાનું વિશેષ મહત્વ છે. આ દિવસે ચંદ્રમાની સાથે મહાલક્ષ્મી ની પૂજા કરવાથી દરેક મનોકામના પૂર્ણ થાય છે, તેમજ આર્થિક સ્થિતિ મજબૂત થાય છે અને સ્વાસ્થ્ય પણ સારુ થાય છે. તેમજ શરદપૂર્ણિમાની રાત્રે ભગવાન શ્રીકૃષ્ણના ગોપી રાસ ની યાદ માં આજે પણ ગામે-ગામ અને ચોરે-ચૌટે રાસની રમઝટ થાય છે.

## સે-૫/સીમાં પ્રાચીન ગરબાનું આયોજન કરાયું



ગાંધીનગર તા.૬
શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્યકક્ષા) મહિલા પાંખ ગાંધીનગર જિલ્લા દ્વારા સેક્ટર ૫/સી ખોડીયાર માતા મંદિર ખાતે દશેરાના પાવન દિવસે પ્રાચીન ગરબાનું આયોજન કરાયું હતું , આ પ્રસંગે મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી અને પારંપરિક માટીના ગરબા માથે લઈ માતાજીની આરાધના કરી ગરબે ઘુમ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન મહિલા પ્રમુખ અને નગર સેવિકા છાયા ત્રિવેદી (એડવોકેટ)ની અધ્યક્ષતામાં મહામંત્રી શર્મિષ્ઠા મહેતા દ્વારા કરાયું હતું અને કાર્યક્રમને સફળ બનાવવા દર્શના ઠાકર, મિતાલી ત્રિવેદી, વોર્ડ ૮ મહામંત્રી શ્રીમતી બીનાબેન દવે, અરુણાબેન રાવલ અને દર્શનાબેન ઉપાધ્યાયએ ભારે જહેમત ઉઠાવી હતી, આ પ્રસંગે મુખ્ય સંગઠક અશ્વિનભાઈ ત્રિવેદી (એડવોકેટ), પ્રમુખ શ્રી સુનિલભાઈ ત્રિવેદી તથા નગરસેવક શૈલાબેન ત્રિવેદીએ હાજર રહી પ્રોત્સાહન પૂરું પાડી શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર આયોજનમાં મંદિરના ટ્રસ્ટીગણ તેમજ પૂજારીએ સહકાર પૂરો પાડ્યો હતો.

## નવરાત્રિ આરતી અને સુશોભન હરિફાઇ



ગાંધીનગર, તા.૬
નવરાત્રિના નવમાં નોરતાના દિવસે ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગર સંલગ્ન ઉમિયા મહિલા મંડળ આયોજિત આરતીની થાળી સુશોભન હરિફાઈમાં સંસ્થાની ૨૫ બહેનોએ ભાગ લીધો હતો. તેમાંથી પ્રથમ, દ્વિત્તિય અને તૃત્તિય પુરસ્કાર આપવામાં આવેલ અને અન્ય સ્પર્ધકોને આશ્વાસન ઈનામ આપવામાં આવેલ સર્વનો આભાર માની નવરાત્રિના ગરબા રાસની રમઝટ બોલાવી, અંતે માતાજીને વસમી વિદાય આપતાં સર્વે માઈ ભક્તોના આંખમાંથી આંસુ આવ્યા હતા.

## શરદપૂર્ણિમાએ રઢીયાળી પૂનમની રાત ફીલ્મી ગીત સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૬
જાણીતા રાષ્ટ્રવાદી સ્વદેશી વિચારધારા ધરાવતી ગાંધીનગર સ્વૈચ્છિક સંસ્થા ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ દ્વારા ગાયન-ગીત-સંગીતનું ટેલેન્ટ બહાર લાવવા શરદ પુનમની રાત્રે પૂનમની રઢીયાળી રાત.. નામે ગીત ગાયન સ્પર્ધાનું આયોજન કરાયું છે જેમાં પ્રથમ આવનારને ગાંધીનગર સ્ટાર સિંગર એવોર્ડ એનાયત કરવામાં આવશે ઉપરાંત બીજા અન્ય ઈનામો પણ વિતરણ થશે. ગાંધીનગરના સે-૨૮ રંગમંચ ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે. ગુજરાત પ્રવાસન નિગમના સહયોગથી અને વિવિધ બ્રાન્ડના સહારે આ વિશિષ્ટ ગીત-ગાયન સ્પર્ધામાં માત્રને માત્ર ચાંદ અને રાતને લગતાં હીન્દી ફીલ્મી ગીતો રહેશે. આ સ્પર્ધામાં કોઈપણ ઉંમરના વ્યક્તિઓ ભાગ લઈ શકશે જેમાં અલગ અલગ વયજુથ પ્રમાણે કેટેગરી બનાવવામાં આવશે.

## બીસીએ કોલેજના વિદ્યાર્થીઓ મધુર ડેરી-ઔદ્યોગિક એકમની મુલાકાતે



ગાંધીનગર, તા.૬
સાંપ્રત સમયમાં જયારે કોમ્પ્યુટરાઈઝેશન અને ઓટોમેશનો જીવન શૈલીનું અવિભાજય અંગ બની ગયું છે ત્યારે આ વિષયોનો ઉંડાણપૂર્વક અભ્યાસ અને વિસ્તૃત માહિતી મેળવવા માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અને સંલગ્ન બીપી કોલેજ ઓફ કોમ્પ્યુટર-બીસીએ અને એસવી ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ બીસીએના સેમેસ્ટર-૧ના ૮૦૦થી વધુ વિદ્યાર્થીઓએ મધુર ડેરીના ઓટોમેશન પ્લાન્ટની મુલાકાત લીધી હતી. મુલાકાતના આયોજન વિષેની વધુ વિગતો આપતાં પ્રિન્સીપાલ રૂપેશ વ્યાસે જણાવ્યું કે સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલનો વિદ્યાર્થીઓએ અભ્યાસની સાથેસાથે ઔદ્યોગિક એકમોનું પ્રેકટીકલ જ્ઞાન પ્રાપ્ત કરે તેવા વિચારને આગળ વધારવા આ વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવેલા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ કલાસરૂમમાં કોમ્પ્યુટરના વિવિધ વિષયોની જાણકારી મેળવે છે ત્યારે ઈન્ડસ્ટ્રીઝની જરૂરીયાત મુજબનું પ્રેકટીકલ નોલેજ અત્યારથી મેળવે તે ખુબજ જરૂરી છે આ હેતુ સાથે સમયાંતરે ઈન્ડસ્ટ્રીઝ વીઝિટનું આયોજન કરાય છે ત્યારે વિદ્યાર્થીઓ અત્યારથી જ ઓટોમેશન અને કોમ્પ્યુરાઈઝેશનની પ્રોસેસ સમજતા થાય તે માટે તમામ વિદ્યાર્થીઓ માટે મુલાકાત ફરજિયાત કરવામાં આવી હતી. સમગ્ર વિઝિટનું આયોજન ડો.રૂપેશ વ્યાસના માર્ગદર્શન હેઠળ પ્રો.જૈમીની કુલકર્ણી, પ્રો.મોનિકા પટેલ, બીજલ પરમાર અને પ્રો.પલક પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જેને સફળ બનાવવા કોલેજના ૨૬ કરતાં વધુ પ્રાધ્યાપક મિત્રોનો સહયોગ મળ્યો હતો.

## સે.૩સીમાં કલ્ચરલ સ્કેવર ખાતે શેરી નવરાત્રીમાં મોઢેથી ગવાતા ગરબા



ગાંધીનગર, તા.૬
ગાંધીનગરના સેક્ટર-૩સીમાં કલ્ચરલ સ્કેવર ખાતે રોજેરોજ યોજાતા શેરી ગરબામાં આસપાસના સ્થાનિક પરિવારો મોટી સંખ્યામાં પરંપરાગત ગરબા સાથે મા આદ્યશક્તિ મા જગદંબાની આરાધનાનો લ્હાવો ઉઠાવે છે. અહીં દરરોજ માતાજીની ખૂબ જ શ્રદ્ધાપૂર્વક આરતી ઉતારાય છે અને તે સાથે થાળ ધરાવાય અને માતાજીની સ્તુતિ પણ કરવામાં આવે છે. અહીંની ગરબીની વિશેષતા એ છે કે અહીં અત્યારની પ્રચલિત સિસ્ટમ અનુસાર ગરબા પેનડ્રાઈવ કે ડીજે પર વગાડવાને બદલે હજુ પણ પ્રાચીન પદ્ધતિ અનુસાર ગરબાં મોઢેથી ગાવામાં આવે છે અને તેના તાલને આધારે જ ગરબા રમવામાં આવે છે. આ ઉપરાંત અહીં દર વર્ષે નવરાત્રીની આઠમના દિવસે બાળા પૂજન અને બટુક પૂજન જેવા વિશેષ કાર્યક્રમ યોજાય છે અને તેમને ભેટ-ઈનામો આપી પ્રોત્સાહિત કરાય છે. વખતોવખત અપાતી લ્હાણી સાથે અહીં શરદપૂર્ણિમાના દિવસે શારદોત્સવ ઉજવાય છે. સે.૩સી કલ્ચરલ સ્કેવર ખાતે કરવામાં આવતાં આયોજનમાં આર. જે. જોશી, વાસુદેવ અજબાણી, જયંત દેસાઈ, રામભાઈ પટેલ, ભાલચંદ્ર પટેલ, મનીષભાઈ તથા શહેર ભાજપ ઉપાધ્યક્ષ જિજ્ઞેશ પટેલ જેવા અગ્રણીઓ સમગ્ર વ્યવસ્થા સંભાળે છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.દરજી આશાબેન દશરથભાઈ ઉ.વ.૬૮, સેકટર-૩
- સ્વ.ચાવડા બિજલબેન રાજેન્દ્રસિંહ ઉ.વ.૨૩, લાકરોડા, માણસા
- સ્વ.પટેલ રામાભાઈ હરગોવિંદદાસ ઉ.વ.૮૬, મોટી શિહોલી
- સ્વ.વોરા મયંક પ્રવિણભાઈ ઉ.વ.૬૨, સેકટર-૧૩
- સ્વ.સોલંકી દક્ષાબેન પંકજભાઈ ઉ.વ.૭૫, સેકટર-૨૩

● રૂદ્રભૂમિ ●

- સ્વ.મિસ્ત્રી મુકુન્દ આત્મારામ ઉ.વ.૭૬, કુડાસણ


## જન્મદિને વધામણી



જતિન ઓઝા
મો. ૯૪૨૬૪ ૬૪૬૧૦



ભૂપેન્દ્ર ડી શાહ
મો. ૯૪૨૮૮ ૦૭૬૭૦



પરમાર સંધ્યા વિનોદભાઈ



કેતન એમ ભટ્ટ
મો. ૯૪૨૬૭ ૬૫૯૫૫



રમેશકુમાર હેમચંદદાસ પંચાલ
મો. ૯૩૨૮૮૭૨૬૮૯



આદિત્ય ઉપાધ્યાય
મો.૯૮૭૯૭ ૭૫૭૯૫



હર્ષલકુમાર ઓઝા



ડો. નિરજકુમાર જી ત્રિવેદી
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



ચંદ્રકાન્ત પી પરમાર
રેડક્રોસ, ગાંધીનગર



હંસાબેન આર. પંચાલ
મો. ૯૮૨૫૩ ૭૩૯૯૨